**(1) ‘ઈન્ડિયા ટી.બી. રિપોર્ટ, 2020’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે.
(2) રાજ્ય ટી.બી. ઈન્ડેક્ષમાં ગુજરાત, આંધ્રપ્રદેશ અને હિમાચલ પ્રદેશ ટોચમાં રહયાં છે.
(3) ભારતના ટી.બી.ના દર્દીઓમાં તંબાકુનો વપરાશ વધી રહયો છે.
(4) કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી અને ચંદીગઢ ટોચ પર રહયાં છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ભારતનો વાર્ષિક ટી.બી. રિપોર્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ વિશ્વને ટી.બી. મુકત કરવા માટે **WHO** એ વર્ષ **2030**નું લક્ષ્ય રાખેલું છે જ્યારે ભારતે વર્ષ **2025** સુધીમાં દેશને ટી.બી. મુકત કરવાનું લક્ષ્ય રાખેલું છે.

- **50** લાખથી વધુ વસતી ધરાવતાં રાજ્યોમાં સારું પ્રદર્શન કરનાર ટોચના રાજ્યો : ગુજરાત, આંધ્રપ્રદેશ અને હિમાચલ પ્રદેશ.
- **50** લાખથી ઓછી વસતી ધરાવતાં રાજ્યોમાં ટોચના રાજ્યો : ત્રિપુરા અને નાગાલેન્ડ
- કેન્દ્રશાસિત પ્રદેશોમાં ટોચનું પ્રદર્શન કરનાર : દાદરા અને નગર હવેલી, અને દમન અને દીવ (આથી, વિધાન **(2)** સાચું છે, જ્યારે વિધાન **(4)** ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતમાં ટી.બી.ના દર્દીઓમાં તંબાકુના સેવનનું પ્રમાણ વધી રહયું છે. **8%** ટી.બી. કેસ તંબાકુના કારણે થયેલાં છે તેમ જાણવા મળેલું છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના હેઠળ રૂ. 10 લાખ સુધીની લોન મળી શકે છે.

(2) અહીં MUDRAનું પૂરુંનામ માઈક્રો યુનિટ ડેવલપમેન્ટ એન્ડ રીફાઈનાન્સ એજન્સી લીમીટેડ છે.

(3) "મુદ્રા" દ્વારા પ્રત્યક્ષ રીતે લાભાર્થીઓને લોન આપવામાં આવે છે.

(4) આ યોજના હેઠળ કૃષિકીય તથા સૂક્ષ્મ એકમોને લોન આપવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ સરકાર દ્વારા પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ શીશુ લોન ધારકોને 2% વ્યાજ સબસિડી માટેની મંજૂરી આપવામાં આવી છે.

⇛ વર્ષ 2015માં સરકાર દ્વારા પ્રધાનમંત્રી મુદ્રા યોજના લોન્ચ કરવામાં આવી હતી.

⇛ આ યોજના હેઠળ બિન–કોર્પોરેટ, બિન–કૃષિકીય નાના તથા સૂક્ષ્મ એકમોને રૂ. 10 લાખ સુધીની લોન મળવા પાત્ર છે. (આથી, વિધાન (1) સાચું છે. જ્યારે, વિધાન (4) ખોટું છે.)

⇛ અહીં, MUDRAનું પૂરુંનામ માઈક્રો યુનિટ ડેવલપમેન્ટ એન્ડ રીફાઈનાન્સ એજન્સી લીમીટેડ છે. આ એક નાણાકીય સંસ્થા છે, જે NBFC, બેંક અને સૂક્ષ્મ નાણાકીય સંસ્થા દ્વારા લાભાર્થીઓને લોન આપે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આથી, તે પ્રત્યક્ષ રીતે લાભાર્થીઓને લોન આપતી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ યોજના હેઠળ લોનને 3 પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવી છે : શિશુ, કિશોર અને તરુણ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ગ્લોબલ એજ્યુકેશન મોનિટરીંગ રિપોર્ટ 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ ઓકસફર્ડ સ્ટડી સેન્ટર દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટ મુજબ, વૈશ્વિક શિક્ષણ પ્રણાલિમાં COVID-19ના કારણે તેમાં રહેલી અસમાનતાઓમાં વધારો થયો છે.

(3) એપ્રિલ, 2020માં આશરે 91% બાળકો સમગ્ર વિશ્વમાં શાળામાં ન હતાં.

(4) ગરીબ દેશોએ રેડિયો અને ટી.વી. દ્વારા શિક્ષણ આપવાના પ્રયાસો કરેલાં છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુનેસ્કો દ્વારા 'ગ્લોબલ એજ્યુકેશન મોનિટરીંગ રિપોર્ટ, 2020' જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સમગ્ર વિશ્વની શિક્ષણ પ્રણાલિમાં રહેલી અસમાનતાઓ COVID-19ના કારણે વધી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ એપ્રિલ, 2020 દરમિયાન સમગ્ર વિશ્વના આશરે 91% બાળકો શાળાએ ન હતાં. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ શિક્ષણ પ્રણાલીઓએ 'ડિસ્ટન્સ લર્નીંગ' દ્વારા સમસ્યા સુધારવાનો પ્રયત્ન કરેલો છે પરંતુ સામાન્ય ભણતર સાપેક્ષે તે અપૂરતું છે.

⇛ ગરીબ દેશોએ રેડિયો તથા ટી.વી. દ્વારા અને અન્ય દેશો એ ઓનલાઈન પદ્ધતિથી શિક્ષણ આપવાનાં પ્રયાસો કર્યા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ કેટલાંક દેશો છૂટેલાં ભણતર માટે આવનારા સમયમાં વધારે શિક્ષકોની ભરતી, શાળાનો વધારે સમય વગેરે જેવાં પગલાંઓ વિચારી રહયાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) સહકારી (Co-Operative) બેંક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક નાણાકીય એકમ છે. તેમાં બેંકના ગ્રાહકો જ બેંકના માલિક હોય છે.

(2) સામાન્ય રીતે ત્રણ પ્રકારની સહકારી બેંકો જોવા મળે છે.

(3) તેની નોંધણી જે તે રાજ્યના સહકારી સોસાયટી અધિનિયમ હેઠળ કરવામાં આવે છે.

(4) તેનું નિયમન બેંકીંગ રેગ્યુલેશન એક્ટ, 1949 દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકાર દ્વારા એક વટહુકમ પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ દરેક શહેરી અને બહુ–રાજ્ય સહકારી બેંકો હવે **RBI**ની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ આવશે.

⇛ સહકારી બેંકો એક પ્રકારના નાણાકીય એકમ છે જે તેના સભ્યોની હોય છે. આ સભ્યો એક જ સમયે બેંકના ગ્રાહકો તથા માલિકો હોય છે. આમ, આ બેંકો કોમર્શિયલ બેંકો કરતાં અલગ હોય છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ વિસ્તારના આધારે સહકારી બેંકોના બે પ્રકાર જોવા મળે છે : શહેરી સહકારી બેંકો અને ગ્રામ્ય સહકારી બેંકો. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ તેમની નોંધણી જે–તે રાજ્યના સહકારી સોસાયટી અધિનિયમ અથવા બહુ–રાજ્ય સહકારી સોસાયટી અધિનિયમ, **2002** હેઠળ કરવામાં આવે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ બેંકોનું નિયમન નીચેના નિયમો મુજબ થાય છે :
- બેંકીંગ રેગ્યુલેશન એક્ટ, **1949**
- બેંકીંગ લો (કો–ઓપરેટીવ સોસાયટીઝ) એક્ટ, **1955**. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) ફિશિંગ કેટ (Fishing Cat) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આંધ્રપ્રદેશ દ્વારા ઋષિકુલ્યા નદી કિનારે ફિશિંગ કેટના સંરક્ષણ માટેના પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.
(2) આ બિલાડીનું કદ સામાન્ય પાલતુ બિલાડી જેટલું જ હોય છે.
(3) તે નિશાચર પ્રાણી છે.
(4) ભારતમાં આ પ્રજાતિ મેંગ્રોવના જંગલોમાં, હિમાલયની તળેટીઓમાં ગંગા અને બ્રહ્મપુત્રા નદીની કિનારે તથા પશ્ચિમ ઘાટમાં જોવા મળે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઓડિશા રાજ્ય દ્વારા 'ફિશિંગ કેટ'ના સંરક્ષણ માટે બે વર્ષનો પ્રોજેક્ટ ભીતરકણિકા રાષ્ટ્રીય ઉદ્યાનમાં શરૂ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે સામાન્ય પાલતુ બિલાડી કરતાં બમણાં કદની હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ એક નિશાચર પ્રાણી છે. અને તે માછલી ઉપરાંત દેડકાં, કરચલાં, સાપ, પક્ષી વગેરે ખાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે તેનું માટા ભાગનું જીવન ગાઢ વનસ્પતિ તથા જળાશયની નજીક વિતાવે છે. તે ઉત્તમ તરાકું હોય છે.

⇛ ભારતમાં તેનું વિતરણ :
- સુંદરબનના મેંગ્રોવના જંગલોમાં
- ગંગા અને બ્રહ્મપુત્રા નદી કિનારે હિમાલયની તળેટીમાં
- પશ્ચિમ ઘાટમાં

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેને IUCN દ્વારા સંવેદનશીલ (Vulnerable) તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT